# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ
સા વિદ્યા યા વિમુક્તયે
સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

**તૃતિય વર્ષ**

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

**[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૬**

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય : સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી**

# સ્તોત્ર–અર્થ રહસ્ય

## બૃહદ્ શાંતિ – (ચાલુ)

**(૨) શાન્તિઃ શાન્તિકરઃ શ્રીમાન્, શાન્તિં દિશતુ મે ગુરુઃ ।**
**શાન્તિરેવ સદા તેષાં, યેષાં શાન્તિર્ગૃહે ગૃહે ॥૧૪॥**

**શબ્દાર્થ -**

**શાન્તિઃ** –શ્રી શાંતિનાથ ભગવાન.
**શાન્તિકરઃ** –જગત્માં શાંતિને કરનારા.
**શ્રીમાન્** –જ્ઞાનાદિક લક્ષ્મીવાળા, પૂજ્ય
**શાન્તિ** –શાંતિ.
**દિશતુ** –આપો.
**મે** –મને.
**ગુરુઃ** –જગદ્ગુરુ, જગત્ને ધર્મનો ઉપદેશ કરનારા.
**શાન્તિઃ** –શાંતિ.
**એવ** – જ.
**સદા** –નિરંતર.

**તેષામ્** - તેઓને.
**યેષામ્** - જેઓને.
**શાન્તિઃ** -શ્રી શાંતિનાથ ભગવાન.
**ગૃહે ગૃહે** -ઘરે ઘરે.

**અર્થ-સંકલના-**

જગત્માં શાંતિ કરનારા, જગત્ને ધર્મનો ઉપદેશ આપનારા, પૂજ્ય શાંતિનાથ મને શાંતિ આપો. જેમનાં ઘરે ઘરે શાંતિનાથ પૂજાય છે, તેમને સદા શાંતિ જ હોય છે. ૧૪

**મૂળ -**

(ગાથા)

**(૩) ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ-ગ્રહ-ગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ ।**
**સમ્પાદિત-હિત-સમ્પન્નામ-ગ્રહણં જયતિ શાન્તેઃ ॥ ૧૫ ॥**

**શબ્દાર્થઃ-**

**ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ-ગ્રહ-ગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ** -જેણે ઉપદ્રવ, ગ્રહોની દુષ્ટ અસર, દુષ્ટ સ્વપ્ન, દુષ્ટાંગ સ્ફુરણા રૂપ અપશુકન આદિ નિમિત્તોનો નાશ કર્યો છે તેવું.
**ઉન્મૃષ્ટ** -નાશ કર્યો છે જેણે. **રિષ્ટ**-ઉપદ્રવ. **દુષ્ટ-ગ્રહશાંતિ**-ગ્રહોની ખરાબ અસર.
**સમ્પાદિત-હિત-સંપત્** -જેના વડે હિત અને સંપત્તિ પ્રાપ્ત કરાવાય એવું.
**નામ-ગ્રહણં** -નમોચ્ચારણ.
**જયતિ** -જય પામે છે, સુખ કરનારું વર્તે છે.
**શાન્તેઃ** -શ્રી શાંતિનાથ ભગવાનનું.

**અર્થ-સંકલનાઃ-**

ઉપદ્રવો, ગ્રહોની દુષ્ટગતિ, દુઃસ્વપ્ન, દુષ્ટ અંગસ્ફુરણ અને દુષ્ટ નિમિત્તાદિનો નાશ કરનારું તથા આત્મહિત અને સંપત્તિને પ્રાપ્ત કરાવનારું શ્રીશાંતિનાથ ભગવાનનું નામોચ્ચારણ જય પામે છે. ૧૫

**મૂળ -** (૫. શાન્તિ-વ્યાહરણમ્)

(ગાથા)

**(૧) શ્રીસઙ્ઘ-જગજ્જનપદ-રાજાધિપ-રાજ-સન્નિવેશાનામ્ ।**
**ગોષ્ઠિક-પુરમુખ્યાનાં, વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્ ॥ ૧૬ ॥**

**શબ્દાર્થ -**

**શ્રીસઙ્ઘ-જગજ્જનપદ-રાજાધિપ-રાજ-સન્નિવેશાનામ્** -શ્રીસંઘ, જગત્નાં જનપદ, મહારાજા અને રાજાઓનાં નિવાસ સ્થાનોનાં.
**ગોષ્ઠિક-પુરમુખ્યાનાં**-વિદ્વદમંડલીના સભ્યો તથા અગ્રગણ્ય નાગરીકોનાં.
**ગોષ્ઠિક** -ગોષ્ઠીનો સભ્ય. પ્રાચીન કાળમાં વિદ્વદ્ મંડળીને ગોષ્ઠી તરીકે ઓળખવાનો રિવાજ પ્રચલિત હતો. **પુરમુખ્ય**-નગરનો આગેવાન શહેરી અગ્રગણ્ય-નાગરીક.

**વ્યાહરણૈઃ** -નામોચ્ચારવડે, નામ બોલવા પૂર્વક. **શાન્તિમ્** -શાંતિ.
**વ્યાહરેત્** -બોલવી જોઈએ.

**અર્થ-સંકલના-**

શ્રી સંઘ, જગત્નાં જનપદો, મહારાજાઓ, રાજાઓનાં નિવાસસ્થાનો, વિદ્વદમંડળીના સભ્યો તથા અગ્રગણ્ય નાગરીકોનાં નામ લઈને શાંતિ બોલવી જોઈએ. ૧૬.

**મૂળ:-**

**(૨) શ્રી શ્રમણસઙ્ઘસ્ય શાન્તિર્ભવતુ ।**
**શ્રી જનપદાનાં શાન્તિર્ભવતુ ।**
**શ્રી રાજાધિપાનાં શાન્તિર્ભવતુ ।**
**શ્રી રાજસન્નિવેશાનાં શાન્તિર્ભવતુ ।**
**શ્રી ગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ ।**
**શ્રી પૌરમુખ્યાણાં શાન્તિર્ભવતુ ।**
**શ્રી પૌરજનસ્ય શાન્તિર્ભવતુ ।**
**શ્રીબ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ ।॥૧૭॥**

**શબ્દાર્થ-** સ્પષ્ટ છે.

અર્થ-સંકલના-

શ્રી શ્રમણસંઘને શાંતિ થાઓ. શ્રીજનપદો (દેશો) ને શાંતિ થાઓ. શ્રીરાજાધિપો(મહારાજાઓ)ને શાંતિ થાઓ.શ્રી રાજાઓનાં નિવાસ સ્થાનોને શાંતિ થાઓ. શ્રી ગોષ્ઠિકોને-વિદ્વદ્મંડળીના સભ્યોને શાંતિ થાઓ. શ્રી અગ્રગણ્ય નાગરીકોને શાંતિ થાઓ. શ્રી નગરજનોને શાંતિ થાઓ. શ્રી બ્રહ્મલોકને શાંતિ થાઓ. ...૧૭

**મૂળ-** (૬. આહુતિ-ત્રયમ્)

**N સ્વાહા N સ્વાહા N શ્રી પાર્શ્વનાથાય સ્વાહા ।। ૧૮ ।।**

**શબ્દાર્થ**

સ્પષ્ટ છે

**અર્થ-સંકલના-**

N સ્વાહા, N સ્વાહા, N શ્રીપાર્શ્વનાથાય સ્વાહા. ..૧૮

# શ્રી દંડક પ્રકરણ

-શ્રી જિનહંસમુનિ

## (૧૫) ઉપયોગ દ્વાર

उवओगा मणुएसु, बारस नव निरय तिरिय देवेसु ।
विगल दुगे पण छक्कं, चउरिंदिसु थावरे तियगं ।।२२।।

મનુષ્યને વિષે બાર ઉપયોગ હોય છે, નારકી, તિર્યંચ અને દેવતાને વિષે નવ ઉપયોગ હોય છે. બે ઇન્દ્રિય અને તે ઇન્દ્રિયરૂપ વિકલેન્દ્રિયના બે દંડકને વિષે પાંચ ઉપયોગ અને ચઉરિન્દ્રિયને વિષે છ ઉપયોગ હોય છે અને સ્થાવરને વિષે ત્રણ ઉપયોગ હોય છે.

પદાર્થના સામાન્ય ધર્મનો વપરાશ-વ્યાપાર તે દર્શનોપયોગ

દર્શનના આધારે એના પણ ચાર ભેદ છે-

(૧) ચક્ષુદર્શનોપયોગ (૨) અચક્ષુદર્શનોપયોગ (૩) અવધિદર્શનોપયોગ તથા (૪) કેવલદર્શનોપયોગ.

પદાર્થના વિશેષ ધર્મનો વપરાશ વ્યાપાર તે જ્ઞાનોપયોગ.

જ્ઞાનના તથા અજ્ઞાનના આધારે એના પણ આઠ ભેદ છે-

(૧) મતિજ્ઞાનોપયોગ (૨) શ્રુતજ્ઞાનોપયોગ (૩) અવધિજ્ઞાનોપયોગ (૪) મનઃપર્યવજ્ઞાનોપયોગ (૫) કેવલજ્ઞાનોપયોગ. (૬) મતિઅજ્ઞાનોપયોગ (૭) શ્રુતઅજ્ઞાનોપયોગ. (૮) વિભંગજ્ઞાનોપયોગ.

દર્શનના ૪ તથા જ્ઞાન-અજ્ઞાનના ૮ મળી કુલ ૧૨ ઉપયોગ છે. હવે આપણે દંડક આધારે ક્યા જીવમાં કેટલા ઉપયોગ છે તે જાણીશું

| દંડક સંખ્યા | દંડક નામ | ઉપયોગ |
|---|---|---|
| ૧. | ગ. મનુષ્ય | બધાજ બાર ઉપયોગ હોય છે. |
| ૧૫. | ગ. તિર્યંચ, નારકી, દેવો | (૯) ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શન, મતિ-શ્રુત અવધિજ્ઞાન, મતિ-શ્રુતિ અજ્ઞાન, વિભંગજ્ઞાન, |
| ૧. | ચઉરિન્દ્રિય. | (૬) ચક્ષુ-અચક્ષુ દર્શન, મતિ-શ્રુત જ્ઞાન, મતિ-શ્રુત અજ્ઞાન |
| ૨. | બેઇન્દ્રિય-તેઇન્દ્રિય | (૫) અચક્ષુ દર્શન, મતિ-શ્રુતજ્ઞાન, મતિ-શ્રુત અજ્ઞાન |
| ૫. | પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, અને વનસ્પતિકાય, | (૩) અચક્ષુ દર્શન, મતિશ્રુત અજ્ઞાન |

## (૧૬) ઉપપાત અને (૧૭) ચ્ચવન દ્વાર

संख-मसंखा समये, गब्भतिरि विगल नारय, सुराय ।।
मणुआ नियमा संखा, वण-णंता थावर असंखा ।।२३।।

એક સમયને વિષે સંખ્યાતા અને અસંખ્યાતા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, વિકલેન્દ્રિય, નારકી અને દેવતા ઉત્પન્ન થાય છે. મુનષ્યો નિશ્ચે સંખ્યાતા ઉત્પન્ન થાય છે. વનસ્પતિ અનંતા અને સ્થાવર અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.

આ સૃષ્ટિ અનાદિ કાળથી છે અને અનંતાકાળ સુધી રહેવાની છે. આ સંસારમાં સતત જન્મ-મરણ ચાલુ છે. જીવોનાં જન્મ-મરણનું પ્રમાણ કેટલું ભયાનક છે એનો આપણને અહીં ખ્યાલ આવે છે. કાળનું કેવલીની દૃષ્ટિએ અવિભાજ્ય અંગ જે સમય કહેવાય છે એવા એક સમયમાં સંખ્યાતા... અસંખ્યાતા અને અનંતા જીવોના જન્મ-મરણ થાય છે આવા કેટલા ભવો આપણે કરી આવ્યા હશું ? વિચારીએ તો જરૂર વૈરાગ્ય વૃદ્ધિ થાય.

## ઉપપાત (જન્મ)...ચ્ચવન (મરણ)... (એક સમયમાં)

| દંડક સંખ્યા | દંડક નામ | ઉપપાત-ચ્યવન |
|---|---|---|
| ૩. | ગ.તિર્યંચ,બેઇન્દ્રિય, તેઇન્દ્રિય | સંખ્યાતા |
| ૧૫. | ચઉરિન્દ્રિય, નારકી, દેવતા | અસંખ્યાતા |
| ૧. | ગ. મનુષ્ય. | સંખ્યાતા. |
| ૧. | વનસ્પતિકાય. | અનંતા. |
| ૪. | પૃથ્વીકાય,અપકાય, તેઉકાય અને વાયુકાય | અસંખ્યાતા. |

# (૧૮) સ્થિતિ દ્વાર...

**असन्नी नर असंखा, जह उववाअे तहेव चवणेवि ।।**
**बावीस सग ति दस वास, सहस्स उक्किट्ठ पुढवाइ ।।२४।।**

અસંજ્ઞી મનુષ્યો અસંખ્યાતા ઉત્પન્ન થાયછે. જેમ ઉપપાત દ્વારમાં તેમજ ચ્યવવામાં પણ સંખ્યા સંબંધી જાણવું.

બાવીસ હજાર, સાત હજાર, ત્રણ હજાર અને દસ હજાર વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે પૃથ્વીકાયાદિનું હોય છે.

સંજ્ઞી મનુષ્યોતો એક સમયે સંખ્યાતા જ ઉત્પન્ન થાય પરંતુ અસંજ્ઞી મનુષ્યો એક સમયમાં અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. જ્યાં જેટલા જીવોનો એક સમયમાં જન્મ થાય છે એટલા જ જીવો મરણ પણ પામે છે. તેથી ઉપપાત દ્વાર અને ચ્યવન દ્વાર સમાન જ છે.

સ્થિતિ એટલે એક ગતિમાં જીવનો રહેવાનો સમય. આ સમય બે પ્રકારે હોય છે-

**(૧) જઘન્ય :-** જઘન્ય એટલે ઓછામાં ઓછો સમય.

**(૨) ઉત્કૃષ્ટ :-** ઉત્કૃષ્ટ એટલે વધુમાં વધુ સમય.

સર્વ જીવોની સ્થિતિ જુદિ જુદિ હોય છે તે અહીં વિસ્તારથી જણાવવામાં આવી છે.

ઉપરોક્ત ગાથામાં પૃથ્વીકાયાદિ ચારનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવવામાં આવ્યું છે.

| | |
|---|---|
| **પૃથ્વીકાય -** | **૨૨ હજાર વર્ષ** |
| **અપકાય -** | **૭ હજાર વર્ષ** |
| **વાયુકાય -** | **૩ હજાર વર્ષ** |
| **વનસ્પતિકાય -** | **૧૦ હજાર વર્ષ** |

**ति दिणग्गि ति पल्लाउ, नर तिरि सुर निरय सागर तित्तीसा ।**
**वंतर पल्लं जोइस, वरिस लक्खाहियं पलियं ।।२५।।**

ત્રણ દિવસનું અગ્નિકાયનું આયુષ્ય હોય છે અને ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય હોય છે. વૈમાનિક દેવતા અને નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીસ સાગરોપમ હોય છે. વ્યંતર દેવોનું એક પલ્યોપમ અને જ્યોતિષીનું એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમનું આયુષ્ય હોય છે.

ઉત્કૃષ્ટ આયુષ્યની સ્થિતિ જણાવતાં આગળ કહે છે-

| | |
|---|---|
| **અગ્નિકાયનું આયુષ્ય -** | **૩ દિવસ** |
| **ગ. મનુષ્ય અને ગ. તિર્યંચ પંચેન્દ્રિય -** | **૩ પલ્યોપમ** |
| **વૈમાનિક દેવ અને નારકી -** | **૩૩ સાગરોપમ** |
| **વ્યંતર દેવ -** | **૧ પલ્યોપમ** |
| **જ્યોતિષ દેવ -** | **૧ પલ્યોપમથી ૧ લાખ વર્ષ અધિક** |

असुराण अहिय अयरं, देसूण दु पल्लयं नव निकाये ।
बारस वासुण पणदिण, छम्मास उक्किट्ठ विगलाउ ।।२६।।

અસુરકુમારોનું આયુષ્ય એક સાગરોપમ ઉપરથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક હોય છે. બાકીના નવનિકાયનું કાંઇક ઉણું બે પલ્યોપમ હોય છે. બાર વર્ષ, ઓગણપચાસ દિવસ તથા છ માસ અનુક્રમે વિકલેન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે.

બાકી રહેલા દંડકોના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવતાં કહે છે-

| | |
|---|---|
| **અસુરકુમાર -** | **એક સાગરોપમથી અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.** |
| **બીજા નવનિકાયના દેવોનું -** | **એક દેશ ઉણા બે પલ્યોપમ.** |
| **બેઈન્દ્રિય -** | **બાર વર્ષ.** |
| **તેઈન્દ્રિય -** | **૪૯ દિવસ.** |
| **ચઉરિન્દ્રિય -** | **છ માસ** |

पुढवाइ दस पयाणं, अंतमुहुत्तं जहन्न आउठिइ ।
दससहस्स वरिस ठिइआ, भवणाहिव निरयवंतरिआ ।।२७।।

પૃથ્વીકાયાદિ દસ પદોની જઘન્યથી આયુષ્ય સ્થિતિ અંતર્મુહૂર્ત હોય છે. દસ હજાર વર્ષની આયુષ્યસ્થિતિવાળા ભવનપતિ, નારકી અને વ્યંતર દેવો હોય છે.

આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ જણાવ્યા પછી હવે જઘન્ય સ્થિતિ જણાવે છે-

પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, ગ. તિર્યંચ પંચેન્દ્રિય, ગ. મનુષ્ય આ દસ દંડકની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત હોય છે.

ભવનપતિના દસ દંડક, નારકીનો એક દંડક અને વ્યંતર દેવોનો એક દંડક એ બાર દંડકની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વરસની હોય છે.

# જિનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

## ૧૧ વૃદ્ધવાદીસૂરિ અને સિદ્ધસેન દિવાકરસૂરિ

વિદ્યાધર ગચ્છે શ્રીપાદલિપ્તસૂરિના શિષ્ય સ્કંદીલાચાર્યની પાસે કુમુદ નામના વિપ્રે વૃદ્ધપણે દીક્ષા લીધી, તેને વિદ્યા મોઢે ચડતી નહોતી તેથી મોટા અવાજથી (ઘાંટા પાડી ) રાત્રીના વખતે ગોખતો હતો. જેથી ગુરુમહારાજે તેને નિષેધ કર્યો કે, રાત્રી વખતે મોટા અવાજથી બોલવું નહીં. તથાપિ તે દિવસે પણ મોટા અવાજથી ગોખતો હતો, તેથી શ્રાવકોએ કહ્યું કે, આ ઘાંટા પાડીને આખો દિવસ ગોખ ગોખ કરે છે તે શું મુશળ ફુલાવશે ? આ વચનથી તે ઘણો જ શરમાઇ ગયો. પછી તેણે સરસ્વતી દેવીનું આરાધન કર્યું. એકવીસમા ઉપવાસે તેને સરસ્વતી દેવી પ્રસન્ન થઇ અને વરદાન આપ્યું કે, ''સર્વ વિદ્યા પારગામી થઇશ, તું જેમ કહીશ તેમ તને હું કરી આપીશ.'' આ પ્રમાણે સરસ્વતી વરદાન આપી ગઇ. ત્યાર પછી તેણે ચૌટામાં જઇ એક મુશળ લાવી વચ્ચોવચ્ચ ઊભું કર્યું અને હાથમાં પાણીની અંજલી લઇ નીચે પ્રમાણે મંત્ર બોલ્યો :

''હે સરસ્વતી દેવી ! અમારા સરખા જડભરત પણ જો વાદી જેવા વિદ્વાન તારા પસાયથી થાય તો આ મુસલ ફુલાવી દે.''

આ મંત્ર ભણી તેણે મુશળ ઉપર પાણીની અંજલી છાંટી કે તરત જ સરસ્વતી દેવીએ તે મુશળને ફુલાવી દીધું અર્થાત્ તે નવપલ્લવિત બની ગયું. એટલે એ સૂકા લાકડાને પણ તરત જ પાન, ફુલ, ફળ, ડાળ, થડ અને મૂળ બધા બની ગયા. આબેહૂબ (લીલું ઝાડ) દેખીને બધા લોકો ઘણા વિસ્મિત થયા. આ વાત ચોતરફ ફેલાઇ તેથી તેમનું વાદીપણું સર્વત્ર પ્રસિદ્ધ પામ્યું.

આ વાદી એવા તો વિદ્વાન બન્યા કે એમની આગળ કોઇ પણ વાદી વાદ કરવા સમર્થ થઇ શક્યો નહીં. એવી તેમની પ્રતિષ્ઠા ચોતરફ જામી ગઇ. પછી ગુરુએ પણ તેમને આચાર્યપદ આપ્યું. જેથી તેમનું નામ ''વૃદ્ધવાદીસૂરિ'' થયું.

આ સમયે ઉજ્જૈનીમાં વિક્રમાદિત્ય રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં રાજમાનીતો દેવર્ષિ નામનો વિપ્ર હતો. તેની દેવશ્રી નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલો સિદ્ધસેન નામે પુત્ર હતો. એ રાજ્યમાં મોટો પંડિત ગણાતો. એટલું જ નહીં પણ તે પોતાની બુદ્ધિના બળથી અને મિથ્યાત્વના ઉદયથી એટલો બધો અભિમાની હતો કે આખા જગતને એક તણખલાની તોલે માનતો. સિદ્ધસેન અભિમાનથી એવું કહેતો કે, ''જે કોઇ પણ વાદી મને વાદમાં જીતી લે તો હું તેનો ચેલો થઉં.''આવી પ્રતિજ્ઞા ધારણ કરતો તે સર્વત્ર ફરતો હતો.

તેવામાં તેણે વૃદ્ધવાદીસૂરિની કીર્તિ સાંભળી; તેથી તેના પર ઈર્ષા ધરતાં તેમને જીતવા માટે તેઓની સન્મુખ ચાલ્યો. ભરૂચ પાસેના ગ્રામે તેને વૃદ્ધવાદીસૂરિ મળ્યા. પરસ્પર વાતચીત કરતાં સિદ્ધસેને વાદ કરવાની માગણી કરી. વૃદ્ધવાદીએ કહ્યું કે, વાદ કરવાની મારી ના નથી, પણ અહીંયાં સાક્ષી અને ન્યાય તોલનાર કોણ છે ? કોઇ નથી. તેથી આપણામાં ''જય પરાજય''નો નિર્ણય કોણ કરશે ? અભિમાનથી ઉદ્ધત થયેલા સિદ્ધસેને કહ્યું કે, આ વગડાના ગોપાળો (ગોવાળિયા) આપણા સાક્ષી છે. આપણે વાદ ચાલવા દ્યો. વૃદ્ધવાદીએ કહ્યું કે, ''જ્યારે એમ જ છે ત્યારે પહેલાં પૂર્વ પક્ષ તમે જ ઉઠાવો.'' પછી સિદ્ધસેને તરત જ તર્કથી કઠોર વાક્યો વાળાં આડાઅવળાં કેટલાંક પદો ઉચ્ચાર્યાં. તેથી ગોવાળિયાઓ કંટાળી ગયા અને બોલી ઊઠ્યા કે, '' અરે ! આ તો અમથો બબડાટ કરે છે ? કંઇ સમજવામાં તો આવતુંયે નથી. એ તો ફોકટ ભેંસોની પેઠે બરાડા પાડે છે. માટે ધિક્કાર છે એને.'' પછી વૃદ્ધવાદીના ભણી જોઇ ગોવાળિયા બોલ્યા, ''અલ્યાભાઇ ડોહા, કાનને મઝા આવે એવું તું કંઇ જાણતો હોય તો બોલ ને ? સાંભળીએ તો ખરા !'' ત્યારે વૃદ્ધવાદીસૂરિ તાળીઓ વગાડતા અને નાચતા બોલ્યા કે,

નવી મારિયે નવિ ચોરિયે
પરદારા ગમન નિવારિયે
થોવં થોવં દાઇએ તો
સગ્ગ ટગ ટગ જાઇએ (૧)
ઘઉં ગોરસ ગોરડી
ગજ ગુણિયલ ને ગાન
છ ગગ્ગા જો ઇહાં મળે તો
સગ્ગહનું શું કામ (૨)
ચૂડો ચમરી ચૂનડી
ચોળી ચરણો ચીર
છ ચચ્ચે સોહે સદા
સતી તણું શરીર. (૩)

વૃદ્ધવાદીનું આવું રળિયામણું ગાયન સાંભળી ગોવાળો ઘણા રાજી થયા. અને બધા સાથે નાચવા તથા તાળીઓ પાડી ગાયનમાં સૂર પુરાવવા લાગ્યા, અને ગાયન થઇ રહ્યા પછી વગર પૂછે બધા બોલી ઉઠ્યા કે, '' આ ગરડા ડોસાએ આ જવાનિયાને જીત્યો જીત્યો જીત્યો,'' એમ કહી તાળીઓ પાડવા લાગ્યા. આથી સિદ્ધસેન તો ઝાંખો પડી ગયો. તેને વૃદ્ધવાદીએ કહ્યું કે, ''ડરીશ નહીં આ પાસે ભરૂચ નગરમાં રાજસભા છે, ત્યાં ઘણાં પંડિતો પણ છે, ત્યાં આપણે વાદ કરીશું, અને તેમાં જે બને તે ખરું.'' એમ કહી ભરૂચ ગયા. ત્યાં રાજસભામાં પણ વૃદ્ધવાદી જ જીત્યા અને સિદ્ધસેન હાર્યો, જેથી સત્ય

પ્રતિજ્ઞાવાળા સિદ્ધસેને વૃદ્ધવાદી પાસે જૈન દીક્ષા અંગીકાર કરી. યોગ્યતા થવાથી તેને ''દિવાકર'' નામનું બિરુદ મળ્યું. તેથી ગુરુએ તેને આચાર્યપદ સમર્પણ કર્યું.

પછી તેઓ ઘણા જીવોને પ્રતિબોધ આપતા ઉજ્જૈણીએ આવ્યા. એટલે નગરમાં આ તો ''સર્વજ્ઞ પુત્ર છે'' એવો ઘોષ થવા લાગ્યો. તેથી વિક્રમાદિત્યે તેનું સર્વજ્ઞ પણું જોવા પાસે આવી મનથી જ નમસ્કાર કર્યા. સિદ્ધસેનસૂરિએ જ્ઞાનથી પામી જઇને તરત જ તેને બધા સાંભળે તેમ ''ધર્મલાભ'' દીધો. વિક્રમાદિત્ય બોલ્યા, ''નમસ્કાર કર્યા વગર ''ધર્મલાભ.'' શાનો કહો છો ?'' ગુરુએ કહ્યું કે, ''તેં મનમાં નમસ્કાર કર્યા. તેથી અમે ''ધર્મલાભ'' દીધો છે. અમારો ધર્મલાભ અમસ્તો નથી. જો સાંભળ.''

''દીર્ઘાયુ થાઓ'' એમ આશીર્વાદ આપીએ તે કંઇ યોગ્ય લાગતું નથી. કેમ કે તે તો નારકીના જંતુઓમાં પણ છે. તમને ઘણા પુત્ર થાઓ. એમ કહીએ તે પણ ઠીક નથી. કેમ કે તે તો કુકડીઓને ઘણાં બચ્ચાં હોય છે તેથી તેને શું સુખ છે ? માટે સર્વ સુખને આપનાર આ ''ધર્મલાભ'' જ તમને સુખદાયક થશે.'' આથી રાજાએ સર્વજ્ઞપણું કબૂલ કીધું અને તુષ્ટમાન થઇ તેમને એક ક્રોડ સોનામહોર ભેટ કરી. પણ નિસ્પૃહપણાથી તેમણે તે દ્રવ્ય અંગીકાર કર્યું નહીં, તેથી શ્રાવકોએ જીર્ણોદ્ધાર કે લોકોને દેવામાંથી મુક્તિ કરવા વગેરેમાં તે ધન વાપર્યું.

સિદ્ધસેન દિવાકર ત્યાંથી વિચરતા ચિતોડ ગયા. ત્યાં એક સ્તંભ હતો. તેમાં પૂર્વની આમ્નાયવાળાં પુસ્તકો છુપાવેલાં હતાં. તેમાંના પુસ્તકો વાંચવાની તેમને ઉમેદ થઇ; પણ તે સ્તંભ એવો હતો કે, જેને અગ્નિ, પાણી, શસ્ત્ર (ટાંકણાદિ) કોઇ પણ ભેદી કે ભાંગી શકે નહીં, એવું તેનું પડ ઔષધિથી વજ્રમય બનાવેલું હતું. તેથી તેમણે ત્યાં બેસી સુગંધી લઇ તેમાંની ઔષધિઓને ઓળખી; તેને પ્રતિઔષધિઓ (વિરોધી ઔષધિઓ)થી નવપલ્લવિત કરીને તે સ્તંભ ખોલ્યો. તેમાં ઘણાય ચમત્કારિક ગ્રંથો હતા. તેમાંનું એક પહેલું પુસ્તક હાથમાં લઇ વાંચવા માંડ્યું. તેના પહેલા પાનામાં બે વિદ્યાઓ હતી. તેમાં પહેલી સરસવ વિદ્યા સરસવ પાણીમાં નાખવાથી ઘોડા નિપજાવી શકાય, તેવી વિદ્યા દીઠી. બીજી ચૂર્ણયોગ કરવાથી સુવર્ણ બનાવવાની ક્રિયા હતી. આ બંને વિદ્યા વાંચ્યા બાદ આગળ વાંચતાં, શાસનદેવીએ નિષેધ કર્યો અને પુસ્તક હાથમાંથી ઝડપી લીધું, એટલું જ નહીં પણ તે સ્તંભ પાછો વજ્રમય બનીને બીડાઇ ગયો. આથી ઉદાસ થઇ ત્યાંથી તેમણે વિહાર કર્યો. આગળ ચાલતાં તેઓ કુમારપુરે આવ્યા. ત્યાંના દેવપાળ નામના રાજાએ નમસ્કાર કરી વિનંતી કરી કે, ''મારા સીમાડાના રાજાઓ મારું રાજ્ય લઇ લેવા ઇચ્છે છે (યુદ્ધ કરવાના છે) તેથી આપ જો મારા ઉપર કૃપા કરો તો મારું રાજ્ય સ્થિર રહે.'' ગુરુ મહારાજે ''હા'' કહી. યુદ્ધ થયું, તેમાં ગુરુના પસાયથી દેવપાળ જીત્યો અને રાજ્ય સ્થિર થયું. રાજા જૈની થયો. ગુરુને રાજ્યમાન ઘણું મળ્યું. રાજાની પ્રાર્થનાથી બંદીજનોની સ્તવના કરાતાં પાલખીમાં બેસી ગુરુ દરબારમાં આવવા લાગ્યા. એટલું જ નહીં પણ આવા કારણથી તેઓ પ્રમાદમાં પડ્યા. આ વાત વૃદ્ધવાદીસૂરિના સાંભળવામાં આવી તેથી તેને બોધ આપવા તેઓ ત્યાં આવ્યા. દરબારમાં જતાં પાલખીમાં

સિદ્ધસેનને બેઠેલા જોઇ પાલખી ઉપાડતા એક ભોઇને ખસેડી તેને બદલે પોતે જ એટલે વૃદ્ધવાદીએ પાલખીનો એક દંડ ઉપાડ્યો. પરંતુ પોતે વૃદ્ધ હોવાથી પાલખીની ચાલમાં ફેરફાર થઇ ગયો. પાલખી આંચકા ખાતી વાંકીચૂકી થવા લાગી. તેથી અંદર બેઠેલા સિદ્ધસેનસૂરિ મદમાં આવી બોલી ઊઠ્યા કે :

**ભૂરિ ભાર ભરા કાંતઃ**
**સ્કંધા : કિં તવ બાધતિ.**

એટલે કે ઘણો ભાર વધી જવાથી પીડીત થતો શું આ તારા સ્કંધ (ખભો) દુઃખે છે ?

સિદ્ધસેને ''બાધતે'' બોલવું જોઇએ ત્યાં બાધતિ બોલ્યા તે વ્યાકરણ દોષ હોવાથી વૃદ્ધવાદી બોલ્યા કે,

**તથા ન બાધતે સ્કંધો**
**યથા બાધતિ બાધતે.**

એટલે કે ''તેટલો ખભો દુઃખતો નથી, કે જેટલું બાધતિ પ્રયોગ સાંભળતાં મનમાં દુઃખ થાય છે.''

આ સાંભળી સિદ્ધસેનસૂરિ મનમાં ઝંખવાયા, પણ વિચાર્યું કે મારા ગુરુ સિવાય મારી વાણીમાં આવું દૂષણ બતાવનાર કોઇ નથી. માટે આ શું મારા ગુરુ તો ન હોય ? એમ ધારી તરત જ પાલખીમાંથી ઊતરી પડી ગુરુને ઓળખી તેમને પગે પડ્યા; અને પોતાનો પ્રમાદ આલોવી શુદ્ધ થઇ રાજાને પૂછી ગુરુની સાથે વિચર્યા એટલે પહેલાંની પેઠે સંયમ બરાબર પાળવા લાગ્યા.

કાળે કરી વૃદ્ધવાદીસૂરિ સ્વર્ગે ગયા પછી એક વખત મગ્ગદયાણં વગેરે પ્રાકૃત પાઠ બોલતાં અન્ય દર્શનીઓ હાંસી કરતાં દેખી તે લજવાયા. બાલ્યાવસ્થાથી જ તેમને સંસ્કૃતનો અભ્યાસ હતો અને વળી કર્મદોષથી અભિમાનમાં આવી સિદ્ધિસેન નવકાર પદનું ''નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ'' એવું એક પદ સંસ્કૃતમાં બનાવી દીધું પછી બધા સિદ્ધાંતો સંસ્કૃતમાં કરવા ઉમેદ રાખી ત્યારે સંઘે મળી કહી દીધું કે :

''બાળ, સ્ત્રી, મંદ બુદ્ધિવાળા, મૂર્ખ જે ચારિત્ર લેવા ઇચ્છા રાખતા હોય તેઓને પ્રાકૃત હોય તો સહેલાઇથી શીખી શકાય. એઓની દયા માટે તત્ત્વના જાણકારોએ આગળથી જ સિદ્ધાંતો પ્રાકૃત લોકભાષામાં કરેલા છે. શું તેના કરતાં તમો વધારે બુદ્ધિવાળા થયા કે પ્રાકૃતમાં બનાવેલ સિદ્ધાંતો સંસ્કૃતમાં ફેરવો છો ? વધારે બુદ્ધિવાળાઓ માટે ચૌદ પૂર્વ ક્યાં સંસ્કૃતમાં નથી ? આ તમે જિન આજ્ઞા વિરુદ્ધ કર્યું. તેથી તમને **''પારાંચિત''** નામનું પ્રાયશ્ચિત આવ્યું. તેમને પારાંચિત આલોયણ માટે બાર વર્ષ ગચ્છ બહાર મૂકવામાં આવે છે.'' પછી સંઘની આજ્ઞા પ્રમાણે સાધુનો વેષ ગોપવી, અવધૂત બની, મૌન ધારી, સંયમ સહિત તે વિચરવા લાગ્યા.

સંઘ બહારના સાતમે વર્ષે ઉજ્જૈણીના મહાકાળેશ્વરના મંદિરની અંદર આવી ત્યાં શિવલિંગની સામે પગ કરી સૂતા, વંદન નમન કરતા નથી. આથી પૂજારી વગેરે લોકોએ તેમનો તિરસ્કાર કર્યો. અને ઉઠાડવા

મહેનત કરી પણ તે ઊઠે જ નહીં, તેથી ''આ પણ એક કૌતુક છે'' એમ ધારી વિક્રમાદિત્ય રાજા જોવા આવ્યા અને બોલ્યા કે, ''અરે અવધૂત ! આ શિવલિંગને તું કેમ નમન કરતો નથી.'' તેણે કહ્યું કે, ''જ્વરથી પીડાતો આદમી જેમ મોદક ખાઇ ન શકે તેમ આ શિવલિંગ અમારી કરેલી સ્તવના સહી શકશે જ નહીં.'' રાજાએ કહ્યું, ''અરે જટીલ ! આ તું શુ બોલે છે ? સ્તુતિ કર, જોઇએ કેમ સહન થઇ શકતી નથી ?'' પછી સિદ્ધસેને ત્યાં ''વીર દ્વાત્રિંશિકા''ની રચના કરી સ્તવ્યા તેમાંનું પ્રથમ કાવ્ય નીચે મુજબ છે :

સ્યયંભુવં ભૂત સહસ્ત્ર નૈત્ર મનેક મેકાક્ષરભાવલિંગમ્
અવ્યક્ત મ વ્યાહતવિશ્વલોકા મવાદિ મધ્યાંતમ પુણ્યપાપં.

એમ બત્રીસ કાવ્ય કરી, પછી પાર્શ્વનાથની સ્તુતિ કરતાં કલ્યાણ મંદિરનો અગિયારમો શ્લોક રચતાં જ શિવલિંગ ફાટીને તેમાંથી વીજળી જેવું ઝળકતું દેદીપ્યમાન અવંતિ પાર્શ્વનાથ સ્વામીનું બિંબ પ્રગટ થયું. જે દેખી વિક્રમ આશ્ચર્ય પામ્યા અને પૂછવા લાગ્યા કે, આ મૂર્તિ કોણે ભરાવેલી છે ? ગુરુએ કહ્યું કે, અહીંયાં પહેલાં ભદ્રા નામની શેઠાણીનો અવંતિ સુકુમાર નામનો શ્રીમંત પુત્ર હતો. તેને બત્રીસ સ્ત્રીઓ હતી. એક વખત પોતાના મહેલના ગોખમાં તે ઊભો હતો ત્યારે આર્ય સુહસ્તિસૂરિના મુખથી નલિની ગુલ્મ નામના વિમાનનું વર્ણન સાંભળી જાતિસ્મરણ પામી તેને ગુરુએ પૂછ્યું કે, એ વિમાનેથી શું તમે આવ્યા છો ? ગુરુએ કહ્યું કે, એમ નથી, પણ સર્વજ્ઞનાં વાક્યોથી (સૂત્રોથી ) અમો આ બધું જાણીએ છીએ. ત્યારે ફરી તેણે પૂછ્યું કે, એ વિમાન પાછું કેમ મળે ? ''ચારિત્રથી મળે'' એમ ગુરુએ કહ્યું તેથી તેણે દીક્ષા લીધી પણ સદા તપ કરવાની શક્તિ નહોતી તથા નલિની ગુલ્મ વિમાનમાં જવાની તત્પરતાને લીધે, ગુરુની આજ્ઞા લઇ સ્મશાનભૂમિ ઉપર જઇ તેણે અણસણ કર્યું. ત્યારે પૂર્વભવમાં અપમાનિત થએલી સ્ત્રી મરીને ત્યાં શિયાલણી થઇ હતી. તેણીએ તેમને દેખી વૈરભાવ ઉત્પન્ન થવાથી તેમનું શરીર રાત્રિના ત્રણ પહોર સુધી ભક્ષણ કર્યું. અતિ વેદના સહન કરતાં પણ શુભભાવમાં ચોથે પહોરે કાળ કરી તે નલિની ગુલ્મ વિમાને દેવતા થયા. તે વાત જાણતાં જ વૈરાગ્ય ભાવથી તેની માતાએ એક વહુ ગર્ભવતી હતી તેને ઘેર રાખી બીજી એકત્રીસ વહુઓ સાથે દીક્ષા લીધી. ઘેર રહેલી વહુને દીકરો થયો.

તેણે પોતાના પિતાના નામની યાદગીરી માટે તે જ સ્થાન પર ''અવંતિ પાર્શ્વનાથ''ની પ્રતિમા ભરાવી, મોટું જિન મંદિર કરાવી તેમાં સ્થાપના કરી. તે જ આ બિંબ છે. પણ અનુક્રમે વિપ્રોએ મળી તે પ્રતિમાના ઉપર જ શિવલિંગ સ્થાપના કરી દીધું હતું. તે શિવલિંગ મારી કરેલી સ્તુતિ કેમ સહન કરી શકે ? આ બધું સાંભળીને વિક્રમ ઘણો જ રાજી થયો અને એ પ્રતિમાની પૂજા માટે એકસો ગામ આપ્યા. પછી બોલ્યો કે, મહારાજ, દેડકાંના ભક્ષણ કરનારા ચતુર એવા સર્પ ઘણા છે. પણ ધરતીને ધારણ કરનાર શેષનાગ તો એક જ છે. તેમ નામના પંડિત ઘણા છે. પણ તમારા જેવું કોઇ નથી.'' આવી સ્તવના કરી રાજા પોતાને સ્થાનકે ગયો.

આ પ્રકારે સિદ્ધસેને ગયેલ તીર્થ પાછું મેળવી જૈન શાસનની મોટી ઉન્નતિ કરાવી તેથી બાર વર્ષની

આલોચનામાંથી સાત વર્ષ વ્યતીત થયાં હતાં અને પાંચ બાકી રહેલાં હતાં, તો પણ તેમને શ્રીસંઘે મળી પાછા ગચ્છમાં લીધા. એટલે ફરી આચાર્યપદ પામ્યા. ત્યાંથી કુવાદીરૂપ તિમિરને નાશ કરવામાં દિવાકર સમાન ''સિદ્ધસેન દિવાકર સૂરિ'' કહેવાયા.

તેઓ ત્યાંથી વિહાર કરતા ઓંકારપુરે આવ્યા. ત્યાં મિથ્યાત્વીઓનું જોર ઘણું હતું. તેઓ જૈન ચૈત્ય કરવા દેતા ન હતા. તેથી તેમણે વિક્રમ રાજાને સમજાવી ત્યાં જૈન ચૈત્ય કરાવ્યું. ત્યાંથી દક્ષિણ તરફ વિહાર કરતાં પ્રતિષ્ઠાનપુરે પહોંચ્યા. પછી પોતાનું આયુષ્ય પુરું થવા આવ્યું છે એમ જાણી અણસણ આદરી સ્વર્ગે સીધાવ્યા.

# જિનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

## ૧૨ શ્રી માનતુંગસૂરિ

ભોજરાજાની ધારા નગરીમાં બાણ અને મયૂર નામના સાળા બનેવી બે પંડિતો રહેતા હતા. બન્ને જણ પોતાની પંડિતાઇ માટે પરસ્પર ઈર્ષ્યા ધરાવતા હતા. બન્ને જણે પોતપોતાની પંડિતાઇથી રાજ્યસભામાં સારી પ્રતિષ્ઠા મેળવી. બન્ને રાજમાન્ય પંડિતો હતા. એક વખત બાણ કવિ પોતાની બહેનને મળવા માટે તેને (મયૂરના) ઘેર ગયો. તેની સારી સરભરા કરી રાત્રે ઓસરીમાં બિછાનું પાથરી તેને સુવાડ્યો.

ઘરમાં મયૂર અને તેની સ્ત્રી (બાણની બહેન) સૂતાં. પણ દંપતિને રાત્રિ વખતે કોઇક વાતની તકરાર થઇ પડી. તે બધી તકરાર બહાર સૂતેલા બાણે સાંભળી લીધી. મયૂર તેની સ્ત્રીને ઘણું ઘણું સમજાવે છે પણ તે સ્ત્રી માનતી નથી. પછી સવાર થવા આવતાં મયૂર તેણીને મનાવવા એક કવિતા બોલવા લાગ્યો. તેમાંનાં ત્રણ પદ જ્યારે તેણીને સંભળાવ્યાં ત્યારે બહાર સૂતેલા બાણથી રહેવાયું નહીં, તેથી ચોથું પદ તેણે પૂર્ણ કર્યું. તે સાંભળી તેની બહેનને ઘણી જ રીસ ચઢી. પોતાના મીઠા કલહમાં અણછાજતી રીતે ભાઇની દખલગિરિ થવાથી તેને એવો શ્રાપ આપ્યો કે, જો તું ''કુષ્ટિ'' કોઢિયો થઇશ. તે સ્ત્રી સતી હતી. તેથી તે (બાણકવિ) તરત જ કોઢિયો થઇ ગયો.

પ્રાતઃ કાળે રાજસભામાં મયૂર કવિ પહેલાંથી બેઠેલા હતા, તેણે જ્યારે બાણ કવિ આવ્યો ત્યારે કહ્યું કે, ''આવો આવો, કોઢીઆ બાણ આવો.'' મયૂરના આવા વચન સાંભળી રાજા ભોજ બોલ્યા કે, એને કોઢ શી રીતે થયો. એટલે મયૂરે બધી વાત ત્યાં જણાવી. એટલું જ નહીં પણ પ્રત્યક્ષ બાણનાં અંગો ઉપર કોઢનાં સફેદ ચાઠાં બતાવ્યાં. તેથી ભોજરાજાએ એવો હુકમ કર્યો કે, જ્યાં સુધી એને કોઢ મટે નહીં ત્યાં સુધી એને રાજસભામાં આવવાની તેમ જ નગરમાં રહેવાની સખ્ત મનાઇ ફરમાવાઇ. આવા કારણથી

બાણ કવિ ઘણો જ લજવાઇ ગયો અને અભિમાનમાં આવી જઇ તરત જ ત્યાંથી ઊઠીને નગર બહાર ચાલ્યો ગયો.

નગર બહાર સામસામા બે વાંસડાના સ્તંભ આરોપી, વચ્ચે ઊંચી દોરી બાંધી, તેમાં એક છ બંધનવાળું સીંકુ બાંધી, તેમાં તે પોતે (બાણ કવિ) બેઠો અને નીચે અગ્નિકુંડ સળગાવી, સૂર્યદેવતાની સ્તવના સંબંધી એકેક કાવ્ય રચી બોલીને એકેક સીંકાની દોરી પોતાના હાથથી જ છેદી નાખતાં પાંચ કાવ્યો બોલી પાંચ દોરીઓ છેદી નાખી. છેવટની દોરી છઠા કાવ્ય બોલાવાને અંતે જ્યારે કાપવાનો આરંભ કરે છે તે વખતે જોવા મળેલા પુષ્કળ માણસોની ભીડ વચ્ચે સૂર્યદેવતાએ પ્રત્યક્ષ દર્શન આપ્યું એટલું જ નહીં પણ તેનો કોઢ દૂર કરી સુવર્ણ કાંતિ જેવું શરીર કરી આપ્યું. આવો બનાવ બનવાથી બીજે દિવસે રાજાએ તેને ઘણા ઠાઠથી વાજતે - ગાજતે દરબારમાં બોલાવ્યો. જ્યારે આવ્યો ત્યારે તેણે પોતાના બનેવીને (મયૂર) કહ્યું કે, ''કાળા મોંના કાગડા જેવા ક્ષુદ્ર પંખી ! ગુરુડના જેવા મારા આગળ તારી શી શક્તિ છે ? જો શક્તિ હોય તો દેખાડને ? બેસી કેમ રહ્યો છે ?''

તે વખતે મયૂર બોલ્યો કે છે, છે, છે; અમારામાં પણ એવી શક્તિ છે. જો કે નિરોગીને ઔષધની કંઇ જરૂર નથી, તો પણ તારા વચનને અન્યથા કરવા હું મારી શક્તિ આ સભા સમક્ષ બતાવી દઉં છું તે તું તારી આંખો ઉઘાડીને જો. એમ કહીને તરત જ તેણે એક છરી મંગાવી પોતાના હાથ-પગની આંગળીઓ પોતાના હાથે જ છેદી નાખી અને ચંડી દેવીની સ્તવના કરતાં, કાવ્ય રચી બોલતાં, કવિતાના છટ્ઠા જ અક્ષરનો ઉચ્ચાર કરતાં દેવી પ્રસન્ન થઇ આવી ઊભી રહી. એ બોલી કે, ''મહા સાત્ત્વિક ? માંગ, હું તારા પર પ્રસન્ન છું, તું જે માગે તે આપું.'' તેણે તરત જ દેવીની પાસેથી વર માગી પોતાની છેદેલી આંગળીઓ સાજી કરાવી. એટલું જ નહીં પણ પ્રસન્ન થયેલી દેવીએ તેનું વજ્રમય દૃઢ શરીર કરી આપ્યું. આ ચમત્કાર દેખી આખી સભા આશ્ચર્ય પામી ગઇ. આથી રાજાએ તેનું ઘણું જ સન્માન કર્યું એટલું જ નહીં પણ તેના વર્ષાસનમાં પણ ઘણો વધારો કરી આપ્યો.

આવા અવસરે જૈન ધર્મ ઉપર દ્વેષ ધરનારા કોઇક વિપ્રે સભા વચ્ચે વાત ચલાવી કે, જૈન ધર્મમાં આવી ચમત્કારિક કવિતા રચનારા પંડિતો કોઇ પણ જોવામાં આવ્યા નથી. જો આવી ચમત્કારિક કવિતાઓ રચવામાં કોઇ પણ પોતાની ચાલાકી દેખાડે તો ઠીક જ છે પરંતુ જો એવા કોઇ પણ પ્રભાવક તેઓમાં ન જ હોય ત્યારે ફોગટ શું કરવા આપણા આ આર્ય દેશમાં તેઓને આવજા કરવા દેવા જોઇએ વારું ? સભામાં બેઠેલાઓમાં મોટા ભાગના જૈનના દ્વેષી હોવાથી બધાઓનું આ વાતમાં ધ્યાન ખેંચાયું. જેથી રાજાએ તરત જ પોતાના સેવકોને મોકલી દૂર દેશમાં વિચરતા શ્રી માનતુંગાચાર્ય નામના જૈનાચાર્યને રૂબરૂ બોલાવ્યા અને પૂછ્યું કે, તમારામાં કોઇ પણ ચમત્કારિક કવિતાઓ રચવામાં પ્રવીણ હોય તો અમોને બતાવી આપો. જો કોઇ પણ તમારામાં એવો વિદ્વાન ન હોય તો તમારા માટે કંઇ પણ અમારે વિચાર કરવો પડશે. માનતુંગાચાર્યે કહ્યું કે, ઓહો, એમાં તે શું ? એવા ચમત્કાર તો હું ઘણા જાણું છું.

રાજાએ કહ્યું કે ''તો હમણાં જ બતાવો'' શ્રી માનતુંગાચાર્યે હા કહી અને કહ્યું, ''મને એક ઓરડામાં પૂરો અને મારા શરીરને ચારે બાજુ લોખંડની સાંકળથી બાંધો. હાથે પગે બેડીઓ બાંધો. બારણાં બંધ કરી તેને ચુમાલીશ તાળાં મારો. હું સ્તોત્ર રચતો જઇશ અને બેડીઓ, સાંકળો અને તાળાંઓ તૂટતાં જશે અને હું ઓરડાની બહાર આવીશ.''

રાજાએ તાત્કાલિક આ રીતે પ્રબંધ કરાવી શ્રી માનતુંગાચાર્યને એક ઓરડામાં બેસાડી સાંકળ વગેરે બાંધી બારણાં બંધ કરી ચુમાલીશ તાળાં માર્યા.

શ્રી માનતુંગાચાર્યે પ્રભુ આદેશ્વરની પ્રાર્થના કરી, હૃદયમાં શ્રી આદેશ્વર તીર્થંકરને સ્થાપ્યા અને એક પછી એક ભક્તામર સ્તોત્રની ગાથા પોતાની અનોખી કવિત્વ શક્તિથી બનાવતા ગયા અને બધાને સંભળાવતા ગયા. જેમ જેમ ગાથા બોલતા ગયા તેમ તેમ સાંકળો-બેડીઓ અને તાળાં તૂટ્તાં ગયાં અને છેલ્લી ગાથા બોલી મહારાજશ્રી તદ્દન બંધન મુક્ત થઇ ઓરડીની બહાર આવ્યા. રાજા અને રાજ્ય સભા અને પુષ્કળ લોકોએ આ ચમત્કાર દેખ્યો અને આવો ચમત્કાર દેખી જૈન શાસનની મોટી ઉન્નતિ થઇ એટલું જ નહીં પણ રાજા તેમ જ સભાનો મોટો ભાગ જે જૈનોના દ્વેષી હતા તે પણ ભદ્રિક થયા અને છેવટે જૈન ધર્મનો બોધ પામ્યા. જે ચુમાલીશ ગાથાઓની તેઓએ રચના કરી તે આજ ''ભક્તામર સ્તોત્ર'' નામથી સુપ્રસિદ્ધ છે. દિગમ્બર તથા સ્થાનકવાસી લોકો તેમાં ચાર ગાથા ઉમેરીને તેની ૪૮ ગાથાઓનો પાઠ પણ કરે છે.

# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

## ક્ષપક શ્રેણી

ઉપશમ શ્રેણીનું સ્વરૂપ જણાવ્યા પછી હવે ક્ષપક શ્રેણીનું સ્વરૂપ સંક્ષેપથી જણાવે છે-

अतो वक्ष्येसमासेन, क्षपक श्रेणी लक्षणम् ।
योगी कर्म्मक्षयङ्क्त्तु, यामारुह्य प्रवर्त्तते ।।४७।।

ઉપશમશ્રેણીમાં સાધક મોહનીય કર્મની પ્રકૃતિઓને ઉપશમાવે છે પરંતુ અહીં ક્ષપકશ્રેણી હોવાથી સાધક કર્મોની પ્રકૃતિઓને ખપાવે છે. ક્ષપક શ્રેણીએ આરુઢ થયેલો યોગી કર્મક્ષય કરવા પ્રવૃત્ત થાય છે. યોદ્ધા જેમ યુદ્ધ કરવા અને જીત મેળવવા તૈયાર થાય તેમ અહીં યોગી કર્મસત્તા સાથે યુદ્ધ કરવા અને કર્મ વિજેતા બનવા સજ્જ થાય છે. હવે તે કેવી રીતે કર્મક્ષય કરે છે તે જણાવે છે.

अनिबद्धायुष: प्रान्त्य देहिनोलघुकर्मण: ।
असंयतगुणस्थाने नरकायु: क्षयंव्रजेत् ।।४८।।

જેણે પરભવનું આયુષ્ય નથી બાંધ્યું અથવા જે ચરમશરીરી છે... થોડા કર્મવાળો હળુકર્મી જીવ છે... તેણે ચોથા ગુણસ્થાનકે નરકના આયુષ્યનો ક્ષય કર્યો છે.

तिर्यगायु: क्षयंयाति गुणस्थाने तु पश्चमे ।
सप्तमेत्रिदशायुश्च दृग्मोहस्यापिसप्तकम् ।।४९।।

પાંચમા ગુણસ્થાનમાં તિર્યંચાયુનો ક્ષય થાય છે. સાતમા ગુણસ્થાનમાં દેવાયુનો તથા મોહનીયની સાત પ્રકૃતિઓનો ક્ષય કરે છે ત્યારે સાધક ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કરે છે.

दशैता: प्रकृति: साधु: क्षयंनीत्वा विशुद्ध घी: ।
धर्म्म ध्याने कृताभ्यास: प्राप्नोति स्थानमष्टमम् ।।५०।।

જે શુદ્ધબુદ્ધીવાળો સાધુ પૂર્વોક્ત દસ પ્રકૃતિઓનો ક્ષય કરીને જેણે ધર્મધ્યાનનો સુંદર અભ્યાસ કર્યો છે એવો તે સાધુ આઠમા ગુણસ્થાનને પામે છે. એથી એ ૧૪૮ કર્મ પ્રકૃતિઓમાંથી પૂર્વોક્ત નરકાયુ-તિર્યંચાયુ, દેવાયુ આ ત્રણ આયુષ્ય તથા અનન્તાનુબંધી ક્રોધ-માન-માયા -લોભ એ ચાર કષાય અને સમ્યક્ત્વ મોહનીય-મિશ્ર મોહનીય તથા મિથ્યાત્વ મોહનીય રુપી સર્વ દસ પ્રકૃતિઓનો ક્ષય કરવાથી બાકી રહેલી ૧૩૮ પ્રકૃતિઓની સત્તા રાખતો જીવ આઠમા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે.

# આઠમા ગુણસ્થાને શુક્લધ્યાન

આઠમા ગુણસ્થાનમાં પહોંચેલો સાધુ ધર્મધ્યાનના અભ્યાસથી આગળ વધતાં શુકલધ્યાનમાં પ્રવેશ કરે છે તે જણાવે છે

तत्राष्टमे गुणस्थाने शुक्लसध्यानमादिमम् ।
ध्यातुमाक्रमतेसाधु राद्यसंहननान्वित: ।।५१।।

ક્ષપક શ્રેણીવાળો સાધુ આ આઠમા ગુણસ્થાનમાં શુકલધ્યાનના પ્રથમ પાયારૂપ સપૃથત્ક સવિતર્ક સપ્રવિચાર નામના ધ્યાનનો પ્રારંભ કરે છે. આ સાધુ પહેલા વજ્રઋષભનારાચ સંઘયણવાળો હોય છે. મજબૂત સંઘયણ વિના ઉચ્ચ કોટિના શુક્લધ્યાનની સંભાવના જ કેમ હોઇ શકે ?

હવે ધ્યાતાનું સ્વરૂપ જણાવે છે–

नि:प्रकम्पं विधायाथ द्दढम्पर्यङ्कमासनम् ।
नासाग्रे दत्तसन्नेत्र: किञ्चिदुन्मिलिते क्षण: ।।५२।।
विकल्पवागुरा जालाद् दूरोत्सारित मानस: ।
संसारच्छेदनोत्साहो योगीन्द्रोध्यातुमर्हति ।।५३।।

શુકલધ્યાનનો પ્રારંભ કરતાં જ યોગી મહાત્મા ક્ષપક શ્રેણીવાળા મુની ભગવંત વ્યવહારનો આશ્રય કરીને ધ્યાન કરવા યોગ્ય થાય છે. તેઓ શું કરે છે તે જણાવતાં કહે છે–

- તેઓ પર્યંકાસન દઢ કરે છે... મજબૂત કરે છે... મજબૂત કરે છે એટલે આસન નિશ્ચલ અને નિષ્કંપ હોય છે. આસન જય એજ ધ્યાનની પ્રથમ સફળતા છે... આહાર-આસન-નિદ્રા અને શરીર આ ચારને જીતે તે જ ધ્યાન કરી શકે છે.
- પર્યંકાસનનું સ્વરૂપ જણાવતાં કહે છે કે બન્ને જંઘાઓની ઉપર બન્ને પગને સ્થાપન કરવા અને તે ઉપર પોતાના બન્ને હાથ રાખવાથી આ આસન થાય છે. એને કોઇ સિદ્ધાસન પણ કહે છે. દષ્ટિ નાસિકા ઉપર સ્થિર કરવાની હોય છે.
- નાસિકાના અગ્રભાગ ઉપર દષ્ટિને સ્થિર કરવી તે જ ધ્યાનની શુદ્ધતા છે.
- નેત્ર કાંઇક ખુલ્લા અને કાંઇક બીડાયેલા હોય છે.
- સંસારી કૃત્યોના જાળમાંથી જેણે પોતાની ચિત્તવૃત્તિને દૂર કરી છે એવો સર્વ વિકલ્પોની જાળથી મુક્ત સાધક હોય છે.
- અપેક્ષાએ કહેવાય છે કે સંસારના કાર્યોથી શુદ્ધ ધ્યાન ન સંભવી શકે. એક વખત નિદ્રાલેવી... મૂર્ચ્છા... વિકલતા સારી પરંતુ આર્તરૌદ્ર ધ્યાન અને ખોટી લેશ્યાવાળી ચિત્તવૃત્તિ સારી નહીં
- ધ્યાનમાં આગળ વધતો મુનિ સંસાર છેદન-ભવનાશને માટે જ ઉદ્યમવંત હોય છે.

## પ્રાણાયામ–સ્વરૂપ

શ્વાસોશ્વાસનું નિયમન અધ્યાત્મિક વિશ્વમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. શ્વાસોશ્વાસ એ જીવના પ્રાણ છે. તેથી જ એનું નિયમન પ્રાણાયામના નામે ઓળખાય છે.

अपान द्वार मार्गेण निस्सरंन्तं यथेच्छाया ।
निरुन्ध्योर्ध्व प्रचाराप्तिम्प्रापयत्य निलंमुनिः ।।५४।।

સાધુ-મુનિરાજ વાયુની પ્રાપ્તિ દશમ દ્વાર ગોચર કરે છે. વાયુ નિકળવાના માર્ગથી પોતાની ઇચ્છાથી નિકળતાને (વાયુને) મુલબન્ધન યુક્તિથી અટકાવે. મુલબન્ધન વિધિ જણાવતાં કહે છે– 'એડીથી અપાન દ્વારને દબાવીને વાયુને ઉપર ખેંચવું તે મુલબન્ધન કહે છે.'

## પૂરક પ્રાણાયામ

द्वादशांगुल पर्यन्तं समाकृष्य समीरणम् ।
पूरयत्यतियत्नेन पूरक ध्यानयोगतः ।।५५।।

મુનિરાજ પૂરક ધ્યાનના યોગથી અત્યંત પ્રયત્ન કરીને બાર અંગુલ બહારથી–ચારે બાજુથી હવાને ખેંચીને શરીરની અંદરની સર્વ નાડીઓને પૂર્ણ ભરે છે તે પૂરક પ્રાણાયામ કહેવાય છે.

## રેચક પ્રાણાયામ

निस्सार्यते ततोयत्नान्नाभि पद्मोदरात्छनैः ।
योगिना योग सामर्थ्या द्रेचकाख्यः प्रभंजनः ।।५६।।

પૂરક પ્રાણાયામ પછી યોગી સાધક યોગસામર્થ્ય અથવા પ્રાણાયામના અભ્યાસના બળથી વાયુને નાભિ કમલથી ધીરે ધીરે ઘણા પ્રયત્નથી બહાર કાઢે છે. એને રેચક પ્રાણાયામ કહેવાય છે.

## કુમ્ભક પ્રાણાયામ

कुंम्भवत् कुंभकंयोगी, सनंनाभिपङ्कजे ।
कुंभकध्यानयोगेन, सुस्थिरं कुरुतेक्षणम् ।।५७।।

યોગી કુંભક નામના પવનને નાભિ કમલથી કુંભક નામના ધ્યાન વડે ઘટના આકારે સ્થિર કરે છે. એને કુંભક ધ્યાન... કુંભક પ્રાણાયામ કહે છે.

## પવનજયથી મનોજય

इत्येवंगन्धवाहाना - माकु-ञ्चनविनिर्गमौ ।
संसाध्यनिश्चलंधत्ते चित्तमेकाग्रचिंतने ।।५८।।

જ્યાં મન છે ત્યાં પવન છે અને જ્યાં પવન છે ત્યાં મન છે. એમ કહેવાય છે. દૂધ અને પાણી જેમ

એકબીજામાં ભળી જાય છે અને એકરૂપ થઇ જાય છે તેમ મન અને પવન એકબીજાની સાથે એકરૂપ થયેલા છે. એકના નાશથી બીજાનો નાશ થાય છે. મનના નાશથી પવનનો નાશ થાય છે અને મનની પ્રવૃત્તિથી પવનની પ્રવૃત્તિ થાય છે. એથી જ મન અને પવનના વેગનો નાશ કરવાથી સર્વ ઇન્દ્રિયો ઉપર જીત મેળવી શકાય છે. ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એથી જ ઉપર જણાવેલા પૂરક-રેચક અને કુંભક ધ્યાનના ક્રમથી પવનને અંદર લેવાનું -છોડવાનું - અને સંગ્રહ કરવાનું થાય છે, તેથી પવનને સાધન કરવાથી ચિત્ત એકાગ્ર થાય છે. મન સમાધિમાં નિશ્ચલ થાય છે. તેથી જ એમ કહેવાયું છે કે પવનને જીતવાથી મનને જીતાય છે.

## ભાવોનું પ્રાધાન્ય કહે છે-

प्राणायामः क्रम : प्रौढि रत्ररुढयैवदर्शिता ।

क्षपकस्य यतः श्रेण्यारोहे भावो हि कारणम् ।।५९।।

પ્રાણાયામનું સ્વરૂપ-મહત્વ જણાવ્યું પરંતુ આત્મ ઉત્થાનમાં ક્ષપક-શ્રેણી આરોહણમાં કેવળ ભાવનું પ્રાધાન્ય છે. અહિં પ્રાણાયામનું જે સ્વરૂપ જણાવવામાં આવ્યું છે તે રુઢિ અને પ્રસિદ્ધિ માત્ર છે. ક્ષપકશ્રેણીવાળા સાધકને કેવળજ્ઞાન પામવામાં નિયમા ભાવની જ મુખ્યતા છે. પ્રાણાયામ કેવળ આડંબર માત્ર છે.

## શુકલધ્યાન

सवितर्क सविचारं सपृथक्त्थ मुदाहृतम् ।

त्रियोगी योगिनः साधो राद्यंशुक्लं सुनिर्मलम् ।।६०।।

મન, વચન, કાયાના શુદ્ધ વ્યાપારવાળા સાધુને પ્રથમ શુકલધ્યાન કહ્યું છે. આ શુકલધ્યાન કેવું છે ? તે જણાવતાં કહે છે તે સવિતર્ક છે એટલે વિવિધ પ્રકારના તર્કોથી યુક્ત છે. એનું આગળ નામ સવિચાર છે એટલે આ ધ્યાન અનેક પ્રકારના વિચારોથી યુક્ત છે. આ શુકલધ્યાનનું ત્રીજુ વિશેષણ સપૃથક્ત્વ છે. જેમાં આત્માની અલગ વિચારણા છે. આ ત્રણ વિશેષણો યુક્ત શુકલધ્યાન ત્રણ યોગવાળા (શુદ્ધ) સાધુને જ હોય છે.

श्रुत चिन्तावितर्कस्यात्, विचारः संक्रमोमतः ।

पृथक्त्वं स्यादनेकत्वं, भवत्येतत्त्रयात्मकम् ।।६१।।

પ્રથમ ત્રણ વિશેષણો યુક્ત શુકલધ્યાન જણાવ્યું હવે તે ત્રણ વિશેષણોનું સ્વરૂપ જણાવે છે. શ્રુત ચિંતા એટલે ફક્ત સૂત્રનો જ વિચાર વિતર્ક કહેવાય છે. સૂત્રના શબ્દ અને અર્થનો પરસ્પર યોગ કરવો તે સંક્રમ કહેવાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારોથી પૃથક જાણવું તે પૃથક્ત્વં છે.

## સવિતર્ક સ્વરૂપ

**स्वशुद्धात्मानुभुत्यात्मा भावश्रुतावलंबनात् ।**
**अन्तर्जल्पोवितर्कः स्यात्, यास्मिस्त त्सवितर्कजम् ।।६२।।**

જે ધ્યાનમાં અન્તરંગ વિચારણારૂપ ધ્વનિ થાય છે. તે સવિતર્ક ધ્યાન છે. તે શેનાથી હોય છે ? ધ્યાનથી જ હોય છે. આપણા નિર્મલ અંતરંગ આત્મભાવનો અનુભવ કરાવનાર આગમનું અવલંબન કરવાથી થાય છે. એને સવિતર્ક ધ્યાન કહેવાય છે.

## સવિચાર સ્વરુપ

**अर्थादर्थान्तरेशब्दात् शब्दान्तरे च संक्रमः ।**
**योगाद्योगान्तरे यत्र, सविचारं तदुच्यते ।।६३।।**

જે ધ્યાનમાં પૂર્વે જણાવેલ જે વિતર્ક વિચારણારૂપ અર્થ તેને અર્થાંતરમાં સંક્રમાવે તથા શબ્દને શબ્દાંતરમાં સંક્રમાવે તેવીજ રીતે યોગને યોગાંતરમાં સંક્રમાવે એવા ધ્યાનને સવિચાર સંક્રમ કહેવાય છે.

## સપૃથક્ત્વ સ્વરૂપ

**द्रव्याद्द्रव्यांतरं याति, गुणाद्याति गुणान्तरम् ।**
**पर्यायादन्य पर्यायं, सपृथक्त्वंभवत्यतः ।।६४।।**

જે ધ્યાનમાં પૂર્વોક્ત વિતર્ક સવિચાર અર્થ-વર્ણ-યોગાંતરમાં સંક્રમાવે છે. અથવા ગુણને ગુણાંતરમાં અથવા પર્યાયને પર્યાયાંતરને પ્રાપ્ત કરે છે. તેને સપૃથક્ત્વ ધ્યાન કહે છે. પરંતુ ગુણ જો સાથે જ ઉત્પન્ન થાય છે એને કહેવાય છે. જેવી રીતે સુવર્ણમાં પીતવર્ણઅને ક્રમથી દ્રવ્યમાં જે ઉત્પન્ન થાય છે તે પર્યાય છે. જેવી રીતે અંગુઠી મુકુટ-હાર વિગેરે સર્વ સુવર્ણ દ્રવ્યના પર્યાય છે. આ જે પૂર્વ બતાવ્યા તે દ્રવ્ય-ગુણ, એના પર્યાયોના વિચારોથી જે પૃથક્ત્વ બુદ્ધિ થાય છે. જે ધ્યાનમાં તેને પૃથક બુદ્ધિ થાય એવા ધ્યાનને પૃથક્ત્વ જાણવું.

# અનુષ્ઠાન

આત્માનું સાચું લક્ષ પરમાત્મ પદની પ્રાપ્તિનું હોવું જોઈએ. સર્વ ધર્મ માન્ય પુરુષાર્થમાં પણ ચાર પ્રકારના પુરુષાર્થ બતાવ્યા પછી પ્રથમ બે પુરુષાર્થને સાધન કહ્યા અને સાધ્ય તરીકે ત્રીજા અને ચોથા પુરુષાર્થની વાત બતાવી પણ ખરેખર તો પ્રથમ ત્રણે પુરુષાર્થ સાધન છે સાધ્ય તો એક માત્ર મોક્ષ જ છે. આ ચાર પ્રકારના પુરુષાર્થ નીચે મુજબ છે. (૧) અર્થ પુરુષાર્થ (૨) કામ પુરુષાર્થ (૩) ધર્મ પુરુષાર્થ અને (૪) મોક્ષ પુરુષાર્થ

જીવન જીવવા માટે સંસારી વ્યક્તિ અર્થ અને કામ પુરુષાર્થ કરે પણ એ બન્ને પુરુષાર્થ ઉપર પણ લગામ તો ધર્મની હોય જ. ધર્મની લગામ વગર જ્યારે જ્યારે અર્થ અને કામ પુરુષાર્થ કરવામાં આવે છે ત્યારે ત્યારે ભારે અનર્થ સર્જાય છે. આજના યુગમાં બની રહેલા પ્રસંગો એના સાક્ષી છે. સર્વ પ્રકારના અનર્થોમાંથી આત્માને સર્વથા અને સદા મુક્ત કરનાર એક જ પુરુષાર્થ છે મોક્ષ પુરુષાર્થ. આ મોક્ષને પામવા માટેના સદ્નુષ્ઠાનોને જાણવા આપણે અનુષ્ઠાનનો અભ્યાસ કરીએ.

**સુખ પામવાના હેતુથી કરાતી દરેક ધાર્મિક ક્રિયા અનુષ્ઠાન કહેવાય છે.** આ અનુષ્ઠાનના ચાર અને પાંચ પ્રકાર જુદી જુદી રીતે કરવામાં આવ્યા છે.

## અનુષ્ઠાનના ચાર પ્રકાર

યશોવિજયજી મહોપાધ્યાય કહે છે. -

**અનુષ્ઠાન તે ચાર છે, પ્રીતિ ભક્તિને વચન અસંગ રે,**

અનુષ્ઠાનના ચાર પ્રકાર છે.-

(૧) પ્રીતિ અનુષ્ઠાન (૨) ભક્તિ અનુષ્ઠાન (૩) વચન અનુષ્ઠાન અને (૪) અસંગ અનુષ્ઠાન.

જેમાં અધિક પ્રયત્ન હોય... જેનાથી કરનારનો હિતકારી ઉદય થાય એવી પ્રીતિ રૂચિ હોય... અન્ય કાર્ય ત્યાગ કરીને જે ક્રિયાને એક નિષ્ઠાથી કરે તે **પ્રીતિ અનુષ્ઠાન** કહેવાય છે.

વિશેષ ગૌરવ (મહત્વ)ના યોગે બુદ્ધિમાન પુરુષાર્થની અત્યંત વિશુદ્ધ યોગવાળી ક્રિયા તે **ભક્તિ અનુષ્ઠાન** કહેવાય છે.

પત્ની પ્રિય છે... માતા હિતકારી છે. બન્નેના પાલનપોષણનું કાર્ય સમાન છે... છતાં આંતરિક ભાવમાં બન્નેમાં ભિન્નતા છે. પત્નીનું કાર્ય પ્રીતિથી થાય છે જ્યારે માતાનું કાર્ય ભક્તિથી થાય છે. આ

પ્રીતિ અને ભક્તિમાં ફરક છે.

સર્વ ધર્મારાધનામાં ઉચિતપણે આગમ અનુસાર ક્રિયા કરવી તે **વચનાનુષ્ઠાન** છે.

અત્યંત અભ્યાસથી સત્પુરુષોની જે સહજ સુંદર ક્રિયા થાય તે **અસંગાનુષ્ઠાન** છે.

જેમ દંડના યોગે ચક્રનું ભ્રમણ થાય, પછી પોતાની મેળે દંડના અભાવે સહેજે ફરે, તેમ આગમમાં કહ્યા પ્રમાણે વર્તવું તે વચન અનુષ્ઠાન છે અને પાછળથી અતિ મનોહર જે આચરણ આધાર વિના સહજ રીતે થાય તે અસંગ અનુષ્ઠાન છે.

પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પચ્ચખ્ખાણ એ પ્રીતિ અનુષ્ઠાન છે.

સામાયિક, ચઉવિસત્થો વંદન એ ભક્તિ અનુષ્ઠાન છે.

સમ્યગ્ ચારિત્રવાળા સાધુને વચન અનુષ્ઠાન છે.

અત્યંત ઉચ્ચ કક્ષાએ પહોંચેલા સાધુ મહાત્માઓને અસંગ અનુષ્ઠાન સંભવે છે.

## અનુષ્ઠાનના પાંચ પ્રકાર

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ અધ્યાત્મ સાર ગ્રંથમાં પાંચ પ્રકારના અનુષ્ઠાન બતાવે છે-

**विषंगरो ऽ ननुष्ठानं तद्हेतुरमृतं परम् ।**
**गुरुसेवाद्यनुष्ठान - मिति पंचविधं जगुः ।।**

ગુરસેવાદિ અનુષ્ઠાન આલોક-પરલોક સુખના આશય ભેદથી પાંચ પ્રકારના છે.

(૧) વિષ અનુષ્ઠાન (૨) ગર અનુષ્ઠાન (૩) અનનુષ્ઠાન (૪) તદ્હેતુ અનુષ્ઠાન અને (૫) અમૃત અનુષ્ઠાન.

આ લોકની કોઇ પણ ઇચ્છાથી કરાતું ધાર્મિક અનુષ્ઠાન **વિષ અનુષ્ઠાન** કહેવાય છે.

સર્પાદિક્નું ઝેર અથવા સોમલ વગેરેનું ઝેર (વિષ) ખાતાની સાથે જ પ્રાણ હરણ કરે છે તેમ આહાર, પૂજા, સમૃદ્ધિ વગેરેની ઇચ્છાથી કરાતું ધાર્મિક અનુષ્ઠાન ચિત્તની શુદ્ધિનો નાશ કરે છે તેથી તે વિષ અનુષ્ઠાન કહેવાય છે.

પરલોકમાં ઇન્દ્ર, રાજા, મહારાજાદિ પદવી મળે, દૈવી ભોગ સામગ્રી મળે વગેરે ઇચ્છાથી કરાતું ધાર્મિક અનુષ્ઠાન તે **ગર અનુષ્ઠાન** કહેવાય છે.

ગર અનુષ્ઠાન અને વિષ અનુષ્ઠાનમાં ફરક છે. વિષ અનુષ્ઠાન આચરતી વખતે જ ચિત્તની શુદ્ધિ હણાય છે પણ ગર અનુષ્ઠાનમાં ક્રિયા કરતી વખતે ચિત્તની શુદ્ધિ હોય છે પણ એનું ફળ ભોગવતી વખતે પરલોકમાં તે ચિત્તશુદ્ધિનો નાશ કરે છે.

આ બન્ને અનુષ્ઠાનો ટાળવા માટે જ જૈન શાસનમાં નિયાણું કરવાની ના પાડવામાં આવી છે. એક માત્ર મોક્ષના લક્ષથી જ ધર્મારાધના કરવાની વાત બતાવી છે.

અધ્યવસાય શૂન્ય એવા આત્માની એકાગ્રતા વિનાની સંમૂર્ચ્છિમ જીવો જેવી ક્રિયા તે **અનનુષ્ઠાન** કહેવાય છે. આવા અનુષ્ઠાન લોક સંજ્ઞા અથવા ઓઘ સંજ્ઞાથી થાય છે.

અનનુષ્ઠાન કેવળ કાયકષ્ટરૂપ છે. અહીં ઉપયોગ પૂર્વકની પ્રવૃત્તિ નથી તેથી સકામ નિર્જરા નથી... અકામ નિર્જરા માત્ર છે.

ચરમાવર્ત કાળમાં પ્રવેશેલા આત્માની અનુષ્ઠાન પ્રત્યેના રાગસહીત હેતુપૂર્વકની જે ક્રિયા તે **તદ્હેતુ અનુષ્ઠાન** છે. આ ક્રિયામાં વિધિશુદ્ધિ ન હોય પણ પરિણામ સારા હોય છે.

અમૃતની જેમ શુદ્ધ વિધિ પૂર્વક ... અત્યંત અપ્રમત્ત દશામાં... ચિત્ત શુદ્ધિ પૂર્વક...અત્યંત સંવેગ વિરાગથી ભરપૂર જે ક્રિયા તે **અમૃત અનુષ્ઠાન** કહેવાય છે.

ઉપરોક્ત પાંચ અનુષ્ઠાનમાં પ્રથમના ત્રણ અનુષ્ઠાન હેય છે એટલે જ ત્યાગવા યોગ્ય છે. તે અસદ્ અનુષ્ઠાન છે. છેલ્લા બે અનુષ્ઠાન ઉપાદેય છે એટલે આદરવા યોગ્ય છે. એટલે જ સદ્ અનુષ્ઠાન છે. છેલ્લા બન્ને અનુષ્ઠાન આત્માને મોક્ષ સાથે જોડનારા હોવાથી યોગસ્વરૂપ છે.

યોગસ્વરૂપ સદ્નુષ્ઠાન ચાર પ્રકારના છે.

भेदैर्भिन्नह भवेदिच्छा-प्रवृत्ति स्थिर सिद्धिभिः ।<br>
चतुर्विधमिंद मोक्ष-योजनाद्योगसंज्ञितम् ।।

યોગસ્વરૂપ સદ્નુષ્ઠાન ઇચ્છાદિ ભેદોથી ચાર પ્રકારનું છે - (૧) ઇચ્છા યોગ સદનુષ્ઠાન (૨) પ્રવૃત્તિયોગ સદનુષ્ઠાન (૩) સ્થિર યોગસદનુષ્ઠાન અને (૪) સિદ્ધિયોગ સદનુષ્ઠાન.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળાદિ સામગ્રીની પરિપૂર્ણતા ન હોવા છતાં શાસ્ત્રોક્ત વિધિ- આરાધના- ક્રિયા ચુસ્તપણે આરાધવાની અભિલાષા યુક્ત ક્રિયા, જેમાં આરાધક મહાત્માઓની કથા સાંભળતા આનંદ આવે... એમના પ્રત્યે બહુમાન ભાવ જાગે છે. અને યથાશક્તિ ઉલ્લાસપૂર્વક અનુષ્ઠાન કરવામાં આવે છે તે **ઇચ્છાયોગ** જાણવો.

ઉપશમ વિશેષ, શાસ્ત્રોક્ત આરાધનાનું અનુસરણ, અત્યંત ઉલ્લાસપૂર્વક ક્રિયાનું આચરણ તે **પ્રવૃત્તિયોગ** કહેવાય છે.

પ્રવૃત્તિયોગમાં ક્રિયા અતિચાર સહિત હોય છે તેથી મનની સ્થિરતામાં એ બાધક બને છે. જ્યારે આગળ વધતા સાધક જીવનમાં અતિચારનો દોષ ટળી જાય છે તેથી આરાધક બાધક ચિન્તાના દોષથી

મુક્ત બને છે જેથી જે સ્થિરતા પૂર્વકની ક્રિયા તે **સ્થિરયોગ** સદનુષ્ઠાન છે.

સાધનામાં આગળ વધતો જીવ પોતાના જીવનમાં તો ઉપશમાદિ ભાવને પામે છે પણ એના સાનિધ્યમાં આવતાં જીવ પોતાના સ્વભાવમાં પરિવર્તન પામે છે. એની સિદ્ધિ આજુ-બાજુના વાતાવરણને - એ વાતાવરણના જીવોને પણ સ્પર્શે છે ત્યારે તેને **સિદ્ધિયોગ** કહેવામાં આવે છે.

ઘણા સંતોના સાનિધ્યમાં સિંહાદિ હિંસક જીવો પણ શાન્ત થઇને બેસી જાય છે. એમનો હિંસક ભાવ શાન્ત બની જાય છે. સત્યની આરાધનામાં સિદ્ધિ મેળનાર સાધકના સાનિધ્યમાં આવેલ અસત્યવાદિ પણ સત્ય બોલવા લાગે છે. આ સિદ્ધિયોગનો પ્રભાવ છે.

ઇચ્છાયોગથી અનુકંપાની પ્રાપ્તિ થાય છે. અનુકંપા એટલે દ્રવ્યથી અને ભાવથી યથાશક્તિ દુઃખીઓના દુઃખ દૂર કરવાની ઇચ્છા.

પ્રવૃત્તિયોગથી નિર્વેદની પ્રાપ્તિ થાય છે. નિર્વેદ એટલે સંસારના ભવ ભ્રમણથી કંટાળો-વૈરાગ્ય. આ વૈરાગ્ય જ્ઞાનપૂર્વકનો હોય છે.

સિદ્ધિયોગથી સંવેગની પ્રાપ્તિ થાય છે. સંવેગ પામતા જીવને દેવલોકના સુખ પણ દુઃખરૂપ ભાસે છે અને આવા જીવોને એકમાત્ર મોક્ષની અભિલાષા હોય છે.

સિદ્ધિયોગથી પ્રશમભાવની પ્રાપ્તિ થાય છે. પ્રશમ ભાવ એટલે તૃષ્ણાનો ઉપશમ. તૃષ્ણા અને ઇચ્છા જ્યારે ઉપશમી જાય શાંત બની જાય ત્યાં સાધક એકમાત્ર પ્રશમરસમાં ઝીલતો હોય છે. આવો સાધક અપરાધી માટે પણ અપકાર બુદ્ધિ ધારણ કરતો નથી.

અનુષ્ઠાનોની આવી પરંપરા જાણીને આપણે આપણા સાધના માર્ગમાં પ્રથમ અસદ્ અનુષ્ઠાનોનો ત્યાગ કરીએ... સદ્ અનુષ્ઠાનોનું પ્રબળ આલંબન ગ્રહણ કરીએ. એમાં પણ ધીમે ધીમે આગળ વધતાં અમૃતાનુષ્ઠાનના સિદ્ધિયોગને પામવા પુરુષાર્થ આદરી પ્રશમરસમાં ઝીલતા રહી હાથે ચડેલા મનુષ્ય જન્મને લેખે લગાડીએ.